## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ મને તો બીક લાગે છે કે તમારું મંદિર નથી બન્યું ત્યાં સુધી જ લોકો તમને યાદ કરશે...

# કોંગ્રેસને ૨૫ બેઠકો અને ભાજપને ૨૬ બેઠકો-ગુજરાતના બે વિક્રમ

ગુજરાતમાં લોકસભાની અત્યાર સુધીની ચૂંટણીઓમાં ૨૦૧૪માં ભાજપને મળેલી ૨૬ બેઠકો એક વિક્રમ છે. આટલી બેઠકો કોંગ્રેસને ઈન્દિરા ગાંધી કે રાજીવ ગાંધીના અવસાન પછી સહાનુભૂતિના માહોલમાં પણ મળી નથી. કોંગ્રેસનું ઉત્તમ પ્રદર્શન ૧૯૮૦માં હતું કે જ્યારે પાર્ટીને ૨૬માંથી ૨૫ બેઠકો મળી હતી. એક બેઠક જનતાદળના ઉમેદવારને ફાળે ગઈ હતી.

ગુજરાતમાં ૧૯૬૨માં પહેલી લોકસભાની ચૂંટણીમાં ૨૨ બેઠકો હતી જે પૈકી કોંગ્રેસને ૧૬, સ્વતંત્ર પાર્ટીને ચાર પીએસપીને એક અને એનજેપીને એક બેઠક મળી હતી. ૧૯૬૭માં યોજાયેલી બીજી ચૂંટણીમાં ૨૪ બેઠકો પૈકી સ્વતંત્ર પાર્ટીને ૧૨ અને કોંગ્રેસને ૧૧ બેઠકો મળી હતી. એ સમયે એક અપક્ષ ઉમેદવાર ચૂંટણી જીત્યા હતા.

૧૯૭૧માં ૨૪ બેઠકો પૈકી કોંગ્રેસને ૧૧, એનસીઓને ૧૧ અને સ્વતંત્ર પાર્ટીને બે બેઠકો મળી હતી. ૧૯૭૭માં જનતા મોરચાની સરકાર મેદાનમાં હતી ત્યારે લોકસભાની ૨૬ બેઠકો પાકી જનતા પાર્ટીને ૧૬ અને કોંગ્રેસને ૧૦ બેઠકો મળી હતી. કોંગ્રેસનું ઉત્તમ પ્રદર્શન ૧૯૮૦માં હતું. એ સમયે થયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૨૫ બેઠકો મળી હતી જ્યારે એક બેઠક જનતા પાર્ટીને ફાળે ગઈ હતી.

૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસને ૨૪ બેઠકો મળી હતી. ભાજપને પ્રથમવાર એક બેઠક મળી હતી. એક બેઠક જનતા પાર્ટીને ફાળે ગઈ હતી.




કોંગ્રેસની પડતીની શરૂઆત ૧૯૮૯ની લોકસભા ચૂંટણી સમયે થઈ હતી. આ સમયે જનતાદળને ૧૧, ભાજપને ૧૨ અને કોંગ્રેસને માત્ર ત્રણ બેઠકો મળી હતી. કોંગ્રેસનું આ સૌથી ખરાબ પ્રદર્શન હતું. ૧૯૯૧માં ભારતમાં હિન્દુત્વનો વેવ હતો જેમાં ભાજપે ૨૦ બેઠકો મેળવી હતી. કોંગ્રેસને પાંચ અને જનતાદળ-ગુજરાતને ફાળે એક બેઠક ગઈ હતી.

૧૯૯૬માં ભાજપને ૧૬ અને કોંગ્રેસને ૧૦ બેઠકો મળી હતી. ૧૯૯૮માં પણ ભાજપને ૧૯ અને કોંગ્રેસને સાત બેઠકો મળી હતી. ૧૯૯૯માં થયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૦ અને કોંગ્રેસને છ બેઠકો પ્રાપ્ત થઈ હતી. ૨૦૦૪ની ચૂંટણીમાં ભાજપને ૧૪ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસની બેઠકો વધીને ૧૨ થઈ હતી.

૨૦૦૯ની ચૂંટણીમાં પણ ભાજપને ૧૫ અને કોંગ્રેસને ૧૧ બેઠકો મળી હતી. કેન્દ્રમાં છેલ્લી બે ટર્મથી યુપીએ સરકારનું શાસન હતું. કોંગ્રેસના કૌભાંડોની હારમાળા વચ્ચે ભાજપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર જાહેર કરતાં દેશભરમાં મોદી લહેર ચાલી હતી જેમાં ગુજરાતમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા હતા. ભાજપે ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો મેળવીને એક એવો રેકોર્ડ બનાવ્યો હતો જે ભૂતકાળમાં ક્યારેય કોંગ્રેસ બનાવી શકી નથી. હવે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૬ બેઠકોનો અને કોંગ્રેસે ૧૩ બેઠકોનો ટારગેટ રાખ્યો છે.

## ગાંધીનગર દક્ષિણ મત વિસ્તારમાં કોંગ્રેસના ગીતાબેન પટેલ દ્વારા કાર્યાલય ખુલ્લુ મુકાયુ

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક દર ચૂંટણી જંગમાં રાષ્ટ્રીય પક્ષો માટે ચૂંટણી પ્રચારનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર બની રહે છે. ત્યારે ૭-અમદાવાદ પૂર્વ લોકસભાની બેઠકમાં સમાવિષ્ટ ૩૫-દક્ષિણ ગાંધીનગર વિધાનસભા



મતવિસ્તારમાં ૩૯ ગામોના મુખ્ય મતદાનક્ષેત્રે ગ્રામ્ય વિસ્તાર તરીકે રાષ્ટ્રીયપક્ષોની હારજીત માટે મુખ્ય કેન્દ્રસમા ચિલોડા વિસ્તાર માટે પ્રભુત્વ ધરાવે છે. ત્યારે ભાજપના ઉમેદવાર હસમુખ પટેલ દ્વારા તાજેતરમાં ચિલોડા પંથકના મુખ્ય ગામોમાં પ્રચાર રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ ચિલોડા ખાતે મુખ્ય કાર્યાલયનો શુભારંભ કર્યો હતો. ત્યારબાદ કોંગ્રેસ પક્ષના ગીતાબેન પટેલ ઉમેદવારની ઉપસ્થિતિમાં ચિલોડા-સાદરા રોડ પર શિવમ કોમ્પલેક્ષ પાસે કોંગ્રેસ પક્ષનું કાર્યાલયનું ઉદ્‌ઘાટન ગીતાબેન પટેલે રીબીન કાપી ખુલ્લુ મુક્યું હતું. જેમાં ૩૯ ગામોના કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જશુભા રાણા, અરવિંદસિંહ સોલંકી, જિલ્લા પંચાયત સદસ્ય, જિતેન્દ્ર સોલંકી તાલુકા સદસ્ય, મંગુબેન એસ. ચૌધરી જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ તાલુકા કોંગ્રેસ પ્રમુખ, બહેચરજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય, એમ.એલ. પરમાર, જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન, દિનાજી ઠાકોર, મહિલા બાળ સમિતિના ચેરમેન ચારણભાઈ જિ. પંચાયત સદસ્ય, નરેશભાઈ આરોગ્ય સમિતિના ચેરમેન તથા આજુબાજુ ગામોના કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## કોંગ્રેસનો ગઢ ગણાતી બનાસકાંઠા બેઠકમાં ભાજપને પણ ફાયદો થયો છે

ગાંધીનગર

ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસનો ગઢ ગણાતી બનાસકાંઠા લોકસભા બેઠક ભાજપે ૧૯૯૧માં હિન્દુત્વના વેવમાં કબજે કરી હતી. આ પહેલાં ભાજપને લોકસભા બેઠક ક્યારેય મળી નથી. જો કે બનાસકાંઠા બેઠકમાં કોંગ્રેસના સિનિયર નેતા બીકે ગઢવી ત્રણ વખત ચૂંટણી જીત્યા છે અને તેમના પુત્ર મુકેશ ગઢવી પણ એક વખત ચૂંટણી જીત્યા છે.

આ લોકસભા બેઠકમાં વાવ, થરાદ, ધાનેરા, દાંતા, પાનલપુર, ડીસા અને દિયોદર વિધાનસભા ક્ષેત્ર આવે છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે રાજ્ય સરકારના મંત્રી પરબત પટેલને ટિકીટ આપી છે જ્યારે કોંગ્રેસે પરથી ભટોળને મેદાનમાં ઉતાર્યા છે. ભટોળ એ સહકારી આગેવાન છે. આ બેઠકમાં સૌથી વધુ ઠાકોર મતદારો છે તેથી ચૂંટણીમાં તેઓ નિર્ણાયક બને છે. બન્ને પાર્ટીમાંથી કોઈએ ઠાકોર સમાજના નેતાને ટિકીટ આપી નથી તેથી ઠાકોર સમાજે અપક્ષ ઉમેદવાર ઉભા રાખ્યા છે.



બનાસકાંઠા એ પાકિસ્તાનને અડીને આવેલો વિસ્તાર છે. આ વિસ્તારમાં ખેડૂતોની સંખ્યા પણ સવિશેષ છે. આ જિલ્લો દુકાળનો સામનો કરતો આવ્યો છે. ચૌધરી અને ઠાકોર મતદારો પર જે પાર્ટીનું પ્રભુત્વ હશે તે ઉમેદવાર આ બેઠક પરથી જીતી શકે છે. બનાસકાંઠા બેટકમાં ૨૦૧૪માં ભાજપના હરિભાઈ ચૌધરી બે લાખ મતોની સરસાઈથી ચૂંટણી જીત્યા હતા. એ પહેલાં ૨૦૦૯માં કોંગ્રેસના મુકેશ ગઢવી માત્ર ૧૦૦૦૦ મતે જીત્યા હતા. સાત વિધાનસભા પૈકી માત્ર બે બેઠક-- થરાદ અને ડીસા ભાજપને મળી છે જ્યારે કોંગ્રેસને પાંચ બેઠકોનો ફાયદો થયો છે.

૧૯૫૧ અને ૧૯૫૭માં આ બેઠક પરથી કોંગ્રેસના અકબર ચાવડા ચૂંટણી જીત્યા હતા. ૧૯૬૨માં કોંગ્રેસના ઝોહરાબેન ચાવડા અને ૧૯૯૭માં સ્વતંત્ર પાર્ટીના મનુભાઈ અમર્સ્ય વિજયી થયેલા છે. ૧૯૭૧માં કોંગ્રેસના પોપટલાલ જોષી, ૧૯૭૭માં જનતાદળના મોતીભાઈ ચૌધરી વિજેતા થયા હતા. ૧૯૮૦ અને ૧૯૮૪ની બે ચૂંટણીમાં કોંગ્રેસના બીકે ગઢવીને આ બેઠકે સંસદમાં મોકલ્યા હતા. ૧૯૮૯માં જનતાદળના જયંતિ શાહ ચૂંટણી જીત્યા હતા પરંતુ ત્યારપછી ૧૯૯૧માં ભાજપના હરિસિંહ ચાવડા વિજેતા થયા હતા. જો કે ૧૯૯૬માં ફરી પાછા બીકે ગઢવી ચૂંટણી જીત્યા હતા.

૧૯૯૮ અને ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના હરિભાઈ ચૌધરીને આ બેઠકે યારી આપી હતી પરંતુ ૨૦૦૪માં કોંગ્રેસના હરિસિંહ ચાવડા અને ૨૦૦૯માં મુકેશ ગઢવી આ બેઠક પરથી ચૂંટણી જીતીને સંસદમાં ગયા હતા. મુકેશ ગઢવીના અવસાન પછી ખાલી પડેલી આ બેઠકની પેટા ચૂંટણીમાં ૨૦૧૩માં હરિભાઈ ચૌધરી ફરી ચૂંટાઈ આવ્યા હતા અને તેમણે ૨૦૧૪માં પણ વિજય મેળવ્યો હતો. હવે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત ઠાકોર સમાજના ઉમેદવાર વચ્ચે જંગ ખેલાવાનો છે.

## ગુજરાતમાં ૬૧.૭૫ લાખ વસતી હોવા છતાં ચૂંટણીમાં મુસ્લિમોની બાદબાકી

ગાંધીનગર

ગુજરાતમાં જ્યારે ચૂંટણી આવે છે ત્યારે મુસ્લિમ સમાજની બાદબાદી થાય છે. રાજ્યમાં ૬૧.૭૫ લાખની વસતી હોવા છતાં રાજકીય પાર્ટીઓ મુસ્લિમોને ચૂંટણીમાં પ્રતિનિધિત્વ આપતી નથી. ભાજપ અને કોંગ્રેસ મુસ્લિમ ઉમેદવારો પ્રત્યે દુરાગ્રહ રાખે છે. આ વખતે વર્ષો પછી ૨૦૧૯માં કોંગ્રેસે ભરૂચની બેઠક પર મુસ્લિમ ઉમેદવાર શેરખાન પઠાણની ઉમેદવારી કરાવી છે પરંતુ ભાજપે ૨૬ પૈકી એક પણ બેઠકમાં મુસ્લિમ ઉમેદવારને ટિકીટ આપી નથી.

ગુજરાતના મુસ્લિમો રાજકારણમાં અતિ પછાત છે. રાજ્યમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી થાય છે ત્યારે ભાજપના નેતાઓ તો મુસ્લિમ ઉમેદવારોને ટિકીટ આપતા નથી પરંતુ મુસ્લિમ ઉમેદવારોને ટિકીટ આપવામાં કોંગ્રેસ પણ કંજૂસાઈ કરે છે. વિધાનસભામાં ચાર કે પાંચ મુસ્લિમ ઉમેદવારોને ટિકીટ મળે છે પરંતુ લોકસભામાં એકપણ મુસ્લિમને ટિકીટ મળતી નથી. ગુજરાતને ભાજપનું એપિસેન્ટર કહેવામાં આવે છે. હિન્દુત્વની લહેર ગુજરાતમાં સૌથી વધુ જોવા મળે છે. ૧૯૯૦-૧૯૯૧માં લાલકૃષ્ણ અડવાણીએ રથયાત્રાનું આયોજન કર્યું ત્યારે ગુજરાતમાં ભાજપને હિન્દુત્વની પહેચાન થઈ હતી. રામમંદિર અને હિન્દુત્વને કારણે ભાજપને ૧૯૯૫માં પહેલીવાર જનતાએ બહુમત આપ્યો હતો. લોકસભાનું ચિત્ર જોઈએ તો ૧૯૮૪ પછી ગુજરાતમાંથી એકપણ મુસ્લિમ ઉમેદવાર લોકસભામાં ગયો નથી.

ગુજરાતમાં મુસ્લિમોની વસતી ૯.૫ ટકા છે પરંતુ રાજકારણમાં તેઓ અતિ પછાત છે. ૧૯૮૪માં કોંગ્રેસના અહમદ પટેલ ભરૂચની બેઠક પરથી ચૂંટાઈને લોકસભામાં ગયા હતા પરંતુ ત્યારપછી અત્યાર સુધીમાં એટલે કે છેલ્લા ૩૫ વર્ષમાં એક પણ મુસ્લિમ સાંસદ ગુજરાતને મળ્યો નથી. ગુજરાતમાં લોકસભાનો રાજકીય ઈતિહાસ જોઈએ તો ૧૯૬૨ થી ૨૦૧૪ સુધીમાં ગુજરાતના ૩૧૫૪ ઉમેદવારોએ ચૂંટણી લડી છે તેમાં માત્ર



૧૫ મુસ્લિમ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે અને તેમણે મોટેભાગે અપક્ષ ઉમેદવારી કરી છે.

ભાજપના સ્ટ્રોંગ હિન્દુત્વ વચ્ચે કોંગ્રેસને ડર છે કે જો મુસ્લિમ ઉમેદવારને ટિકીટ આપવામાં આવશે તો કોંગ્રેસને બીજી બેઠકોમાં હિન્દુઓના મતો ખોવાનો વારો આવશે. આ કારણથી કોંગ્રેસ પણ મુસ્લિમ ઉમેદવારો ઉભા રાખતા ખચકાય છે. ગુજરાતમાં વિધાનસભાની ૧૦થી વધુ બેઠકોમાં મુસ્લિમ મતદારો નિર્ણાયક હોવા છતાં ભાજપ મુસ્લિમ ઉમેદવારોને ટિકીટ આપતી નથી. ભાજપે ૨૦૧૫ની સ્થાનિક ચૂંટણીમાં એક પ્રયોગ કર્યો હતો અને એકસાથે ૫૦૦ મુસ્લિમ ઉમેદવારોને ટિકીટ આપી હતી પરંતુ તે પૈકી ૪૯૦ ઉમેદવારો ચૂંટણી હારી ગયા હતા.

સત્યમેવ જયતે

સામાજિક સમરસતાના પુરસ્કર્તા
ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને
૧૨૮મી જન્મજયંતી નિમિત્તે
સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ



“એક મહાન માણસ એક પ્રતિષ્ઠિત માણસથી જુદો છે
કારણકે એ સમાજનો સેવક બનવા માટે તૈયાર રહે છે.”
– ડૉ. બાબાસાહેબ આંબેડકર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ